**જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી (વર્ગ-૧) અને નાયબ નિયામક, સૈનિક કલ્યાણ (વર્ગ-૧) સંવર્ગની તા.૦૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ કામચલાઉ પ્રવરતા યાદી.**

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

પરિપત્ર ક્રમાંક : HD/MSK/e-file/8/2025/2527/F

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧૭/૦૫/૨૦૨૫

**વંચાણે લીધા:-**

(૧) ગૃહ વિભાગનો તા.૩૦/૦૬/૨૦૨૦ના પરિપત્ર ક્રમાંક : મસક/૧૦૨૦૧૮/૧૫૫૬/ફ.

(૨) નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા.૨૭/૦૧/૨૦૨૫નો પત્ર ક્રમાંક : નસકપ/૧૦૭/મકમ-૧૩/૨૦૨૫.

**પરિપત્ર-**

આ વિભાગના સંદર્ભ-૧માં દર્શાવેલ તા.૩૦/૦૬/૨૦૨૦ના પરિપત્રથી જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી (વર્ગ-૧) સંવર્ગની તા.૦૧/૦૧/૨૦૧૮ની પરિસ્થિતિ મુજબની આખરી પ્રવરતા યાદી બહાર પાડવામાં આવેલ છે. ત્યારબાદ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી (વર્ગ-૧) અને નાયબ નિયામક, સૈનિક કલ્યાણ (વર્ગ-૧)ની જગ્યા પર જે અધિકારીશ્રીઓને સીધી ભરતીથી નિમણૂંક આપવામાં આવેલ છે, તે અધિકારીશ્રીઓની તા.૦૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ કામચલાઉ પ્રવરતા યાદી પ્રસિદ્ધ કરવા અંગે ઉક્ત ક્રમાંક-(૨)ના પત્રથી મળેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે, આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટના મહેકમ પરની જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી (વર્ગ-૧) અને નાયબ નિયામક, સૈનિક કલ્યાણ (વર્ગ-૧) સંવર્ગની જગ્યા પર ફરજ બજાવતા અધિકારીશ્રીઓની તા.૦૧/૦૧/૨૦૨૫ની સ્થિતિ દર્શાવતી કામચલાઉ પ્રવરતા યાદી પરિપત્રિત કરવામાં આવે છે.

આ કામચલાઉ પ્રવરતા યાદી સંદર્ભે સંબંધિત અધિકારીશ્રીઓએ કોઈ રજૂઆત કરવાની હોય તો આ પરિપત્રની તારીખથી એક માસની અંદર નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ કચેરી મારફત આ વિભાગને રજૂઆત કરી શકે છે. આવેદનપત્રમાં

રજૂઆત સ્પષ્ટ, મુદ્દાસર અને ટૂંકાણમાં હોવી જોઈએ, તેમજ જો કોઈ હકીકતદોષ જણાયેલ હોય તો તેનો સ્પષ્ટ નિર્દેશ કરવાનો રહેશે. નિયત સમય મર્યાદા બાદ મળેલા આવેદનપત્ર ઉપર વિચારણા કરવામાં આવશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મયુરસિંહ વાઘેલા)
ઉપસચિવ
ગૃહ વિભાગ

**પ્રતિ**

- નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- સબંધિત અધિકારીશ્રીઓ. (મારફત:- નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.)
- સામાન્ય વહીવટ વિભાગ, ગ-૨ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- આઈ.ટી. સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (પ્રવરતા યાદી ગૃહ વિભાગની વેબ સાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ)
- સિલેક્ટ ફાઈલ/ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.

**પરિપત્ર ક્રમાંક: HD/MSK/e-file/8/2025/2527/F, તા.૧૭/૦૫/૨૦૨૫ સાથેનું જોડાણ**

**પરિશિષ્ટ**

**તા.૦૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી (વર્ગ–૧) અને નાયબ નિયામક, સૈનિક કલ્યાણ (વર્ગ–૧) સંવર્ગની કામચલાઉ પ્રવરતા યાદી**

| પ્રવરતા ક્રમાંક | અધિકારીશ્રીનું નામ | જન્મ તારીખ | કચેરીનું નામ | ભરતીનો સ્ત્રોત | બઢતીથી નિમાયેલા અધિકારીના કિસ્સામાં નીચેના સંવર્ગની પ્રવરતાયાદીમાંનો ક્રમાંક | નિમણૂકની તારીખ | સંભાવ્ય તારીખ/ પુન: નિર્ધારિત તારીખ | બિન અનામત/ અનુ.જ.જા./ અન.જા./ સા.શૈ.પ.વ./ વિકલાંગ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | કમાન્ડર સંદિપ જયસ્વાલ (નિવૃત્ત) | તા.૧૬/૦૨/૧૯૭૦ | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, જામનગર | સીધી ભરતી | - | તા.૧૯/૦૧/૨૦૧૯ | - | - | - |
| ૨ | કર્નલ અંજનીકુમારસિંહ (નિવૃત્ત) | તા.૧૭/૦૭/૧૯૬૮ | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદ | સીધી ભરતી | - | તા.૧૩/૦૯/૨૦૨૩ | - | - | - |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | લે.કર્નલ (ડૉ.) કમલપ્રીત સાગી (નિવૃત્ત) | તા.૨૮/૦૬/૧૯૭૬ | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, વડોદરા | સીધી ભરતી | - | તા.૧૩/૦૯/૨૦૨૩ | - | - | - |
| ૪ | વિંગ કમાન્ડર સી. રમેશ (નિવૃત્ત) | તા.૨૮/03/૧૯૬૯ | નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્યની કચેરી, અમદાવાદ | સીધી ભરતી | - | તા.૧૩/૦૯/૨૦૨૩ | - | - | - |
| ૫ | કમાન્ડર પવન કુમાર (નિવૃત્ત) | તા.૧૧/૦૮/૧૯૬૯ | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રાજકોટ | સીધી ભરતી | - | તા.૧૩/૦૯/૨૦૨૩ | - | - | - |
| ૬ | કર્નલ વિશાલ શર્મા (નિવૃત્ત) | તા.30/04/૧૯૮૦ | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સુરેન્દ્રનગર | સીધી ભરતી | - | તા.૨૧/૦૬/૨૦૨૪ | - | - | - |